
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રી નેમી નમન. ... ( બાબુલાલ પાનાચંદ શાહ ) ... ... ૨૭૩
૨ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ( અનુવાદ ) ... ... ... ૨૬૪
૩ ધ્યાન. ... ( રા. ચોકસી ) ... ... ... ૨૭૯
૪ આબુ ઉપરથી. ... ( રા. સુશીલ ) ... ... ... ૨૮૨
૫ પ્રાસંગિક પદો વડે નવપદજીને નમસ્કાર. ... ( સ૦ ક૦ વિ૦ ) ... ૨૮૮
૬ સક્રિય જ્ઞાન. ... ( વીરકુમાર ) ... ... ... ૨૮૯
૭ ચર્ચાપત્ર-શતાબ્દિ વિરોધીઓનું માનસ (ગુરૂ ચરણદાસ) ... ... ૨૯૩
૮ સ્વીકાર-સમાલોચના. ... ... ... ... ... ... ૨૯૫


---


ઘણી થોડી નકલો છે, જલદી મંગાવો...જલદી મંગાવો...

### શ્રી કર્મગ્રંથ. (૪) મૂળ

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ **મુનિરાજ** શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતાંમ્બર-દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **આ ગ્રથને અંગે મળેલ આર્થિક સ્હાય થયેલ ખર્ચમાંથી બાદ કરી** મત્ર રૂા. ૨-૦-૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે. —:લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું —ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૩૨ માંની

# વાર્ષિક અનુક્રમણિકા.

અંક ૧ થી ૧૨


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧. | માંગલ્ય–દર્શન. ( કાવ્ય ) .... .... | વેલચંદ ધનજી. | ૧. |
| ૨. | નૂતનવર્ષનું મંગળમય વિધાન.... .... | તંત્રી મંડળ | ૩. |
| ૩. | પ્રતિબિંબ. .... .... .... | રા. સુશીલ. | ૧૨. ૨૯. ૫૨. ૮૭. ૧૦૩. ૧૪૯. ૧૭૬. ૨૨૯. ૨૫૦. |
| ૪. | સત્ય જ્ઞાનનું રહસ્ય. .... .... | | ૧૫. ૩૪. ૫૭. ૭૭. ૧૦૧. ૧૨૬. ૧૫૫. ૧૭૩. ૧૯૭. ૨૨૩. ૨૪૭. ૨૭૪. |
| ૫. | ચિંતન. .... .... .... .... | ગાંધી | ૧૯. |
| ૬. | હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. .... | નરોત્તમદાસ બી. શાહ. | ૨૦. ૮૨. ૧૧૮. ૧૨૯. ૧૬૨. ૧૮૪. ૨૧૨. |
| ૭. | જૈન ધર્મના સિદ્ધાંતો વિધાન અને મંતવ્યો.... | મી૦ હરબર્ટવોરન | ૨૨. |
| ૮. | સ્વાધ્યાય. .... .... | રા. ચોકસી. | ૨૫. ૬૪. |
| ૯. | પ્રભુ પ્રાર્થના. ( કાવ્ય ) .... .... .... .... | | ૨૭. |
| ૧૦ | હૃદયવીણા. ( કાવ્ય ) .... | વેલચંદ ધનજી. | ૨૮. |
| ૧૧. | માફી ( કાવ્ય ) .... .... | ,, | ૨૮. |
| ૧૨. | શ્રવણ અને સંસ્મરણ..... | રા. સુશીલ. | ૩૮. ૬૦. ૨૦૧. ૨૩૬. ૨૫૭. |
| ૧૩. | અમારી પૂર્વદેશની યાત્રા. | મુનિરાજ શ્રી દર્શનવિ. મહારાજ. | ૪૧. ૯૦. ૧૧૩. ૧૪૦. ૧૬૦. ૧૮૨. |
| ૧૪. | અલ્લુકૃત ભાવના. .... .... | મોહનલાલ દલીચંદ દેશાઇ. | ૪૪. ૬૮. |
| ૧૫. | સ્વીકાર–સમાલોચના..... .... .... .... | | ૫૦. ૭૨. ૯૭. ૧૨૨. ૧૪૫. ૧૭૦. ૧૯૪. ૨૪૨. ૨૯૫. |
| ૧૬. | વીર. ( કાવ્ય ) .... .... | શાહ બાબુલાલ પાનાચંદ. | ૫૧. |
| ૧૭. | લિચ્છવિ જાતિ. .... .... | રા. સુશીલ. | ૬૫. ૯૪. |
| ૧૮. | વર્તમાન સમાચાર. .... .... | | ૭૪. ૧૪૩. ૧૬૯. ૧૯૧. ૨૪૦. ૨૬૫. |
| ૧૯. | પરોપકારી સત્પુરૂષો. ( કાવ્ય ) | ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. | ૭૫. |
| ૨૦. | ઉજ્વલ પ્રભાત. ( કાવ્ય ) .... | વેલચંદ ધનજી | ૮૬. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૧. પરમાર્થ. ( કાવ્ય ) .... શાહ બાબુલાલ પાનાચંદ. ૯૯.
૨૨. શ્રી જિનેન્દ્ર સ્તવન. ( કાવ્ય ) મુનિ બાલચંદ્રજી. ૧૦૦
૨૩. વિશ્વવ્યાપક જૈન દર્શન. સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિ. મહારાજ. ૧૦૭.
૨૪. શ્રાવકાચાર. .... શુદ્ધ આચારનો ઇચ્છક. ૧૧૫. ૧૬૪. ૨૧૦.
૨૫. સંયમ. .... .... રા. ચોકસી. ૧૧૭. ૧૫૨.
૨૬. હૃદયોદ્‌ગાર. ( કાવ્ય ) .... વેલચંદ ધનજી. ૧૨૩.
૨૭. પ્રમાદ પરિહાર (કાવ્ય). ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. ૧૨૪.
૨૮. આજનું સ્ત્રી શિક્ષણ. .... મુનિશ્રી હિમાંશુવિજયજી. ૧૩૨.
૨૯. પ્રારંભ પ્રાર્થના ( કાવ્ય ) .... વેલચંદ ધનજી ૧૪૭.
૩૦. શ્રીમહાવીરના ઉપદેશનું રહસ્ય. સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિ. મહારાજ. ૧૬૬.
૩૧. પ્રતિષ્ઠા અને તેનું રહસ્ય. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ. ૧૬૮.
૩૨. ઝુલતી નૌકા. ( કાવ્ય ) .... વેલચંદ ધનજી. ૧૭૧.
૩૩. તપ. .... .... .... રા. ચોકસી. ૧૮૦. ૨૧૩. ૨૩૪.
૩૪. મારવાડમાં જૈનોની કેળવણી વિષયક આધુનિક સ્થિતિ. .... ....
ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૧૮૬.
૩૫. જિનવન્દન ( કાવ્ય ). .... શાહ બાબુલાલ પાનાચંદ. ૧૯૫.
૩૬. બાંતોકી કસોટી. ( કાવ્ય ).... વેલચંદ ધનજી. ૧૯૬.
૩૭. સેવાના સન્માન .... .... .... .... ૨૧૫.
૩૮. શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ સંબંધી થયેલ ગોઠવણ.... ૨૧૯.
૩૯. વિશ્વવંદ્ય થવાને લાયક કેમ બનાય ?. સ. ક. વિ. ૨૨૧.
૪૦. સુભાષિત સંગ્રહ. સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પુરવિજયજી મહારાજ. ૨૨૭.
૪૧. અભિમાનત્યાગ (કાવ્ય). ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. ૨૪૫.
૪૨. દરેક યાત્રાળુ ભાઈ–બ્હેનોને અગત્યની સુચના ( સ૦ ક૦ મહારાજ ) ૨૫૬.
૪૩. ગુરૂગુણ સ્તુતિ (કાવ્ય). .... રાજપાળ મગનલાલ વ્હોરા. ૨૬૧.
૪૪. ઉપવાસ .... .... .... આત્મ વલ્લભ ૨૬૨.
૪૫. ચર્ચાપત્ર. .... .... ....( સુવર્ણ મહોત્સવ સંબંધી ) ૨૬૩.
૪૬. શ્રી નેમિનમન ( કાવ્ય ) .... શાહ બાબુલાલ પાનાચંદ. ૨૭૩.
૪૭. ધ્યાન. .... .... .... રા. ચોકસી. ૨૭૯.
૪૮. આબુ ઉપરથી. .... .... રા. સુશીલ. ૨૮૨.
૪૯. પ્રાસંગિક પદ્યોવડે નવપદજીને નમસ્કાર .... સ ક. વિ. ૨૮૮.
૫૦. સક્રિયજ્ઞાન. .... .... .... .... વીરકુમાર. ૨૮૯.
૫૧. શતાબ્દિ વિરોધીયોનું માનસ. .... ગુરૂ ચરણદાસ. ૨૯૩.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

**अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।**
**दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥**

આત્માનું અંતરંગ મહાસૈન્ય (કામ–ક્રોધાદિ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६१. आषाढ आत्म सं. ४०. { अंक १२ मो.

## શ્રી નેમી નમન.

( ચાલ:—વ્હાલું લાગે મને મ્હારૂં વતન. )

નેમી નમન કરૂં નેમી નમન,
 પ્યારા પ્રભુને કરૂં પ્રેમે નમન. નેમી૦
મહા પ્રતાપી ને અખંડ બ્રહ્મચારી,
 એવા પ્રભુને પ્રેમે નમન. નેમી૦
કરુણ ધ્વનિમાં આપે કંઈ જોયું,
 એથી રહ્યા સદા બ્રહ્મચારી. નેમી૦
એવા દયાનિધિ પ્રભુ નેમીજી,
 વ્હારે ચઢો પ્રભુ તમે મ્હારી. નેમી૦

**શાહ બાબુલાલ પાનાચંદ—નડોદકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

પ્રકરણ બીજું

## સૃષ્ટિકર્તૃત્વવાદ.

( ગતાંક પૃષ્ઠ ૨૫૦ થી શરૂ. )

આત્માનું અસ્તિત્વ તેમજ અમરત્વ ઉચ્ચ પ્રતિનાં આધ્યાત્મિક અન્વેષણને પરિણામે સિદ્ધ થયું છે. આત્માનાં અસ્તિત્વ આદિના સંબંધમાં એટલું બધું અન્વેષણ થયું છે કે આત્માનાં અસ્તિત્વ તેમજ અમર જીવનના સંબંધમાં લેશ પણ શંકાને સ્થાન રહેતું નથી. સર ઓલીવર લૉજ જેવા મહાન્ તત્વવેત્તાઓએ આત્માના સંબંધમાં એવો અનેરો પ્રકાશ પાડયો છે કે જેથી તેમનું પ્રમાણભૂત મંતવ્ય જનતાને અત્યંત શ્રદ્ધાજનક થઈ પડયું છે. આત્માનાં અસ્તિત્વ આદિમાં શંકા કરનારા ઘણા મનુષ્યોને આત્માનું અસ્તિત્વ વિગેરે મહાન્ સત્ય રૂપ ભાસવા લાગેલ છે. આત્માનું અસ્તિત્વ અને અમરત્વ અનેક રીતે પૂરવાર થયું છે. વર્ત્તમાન આત્મિક અન્વેષકોના ભગીરથ પ્રયત્નથી આત્માના અસ્તિત્વ આદિ વિષયક સિદ્ધાન્તને અપૂર્વ સમર્થન મળ્યું છે. પૂર્વકાલીન મહર્ષિઓ વિગેરેનું આત્મા સંબંધી મંતવ્ય તો સુવિદિત છે. આમ સર્વ રીતે વિચાર કરતાં આત્માનાં અસ્તિત્વ આદિ વિષયક મંતવ્ય સત્ય અને નિશ્ચયકારી છે. આત્માંના અસ્તિત્વ આદિમાં શંકાને સ્થાન ભાગ્યે જ રહે છે.

આત્મા વિશુદ્ધ દ્રવ્ય હોઇને, તેનું અસ્તિત્વ ભૌતિક શરીરથી પર દશામાં પણ શકય છે. આત્માનું અસ્તિત્વ છે તેથી આત્મા દ્રવ્ય છે એ નિઃશંક છે. આત્મા જ્ઞેય વસ્તુ અર્થાત્ જ્ઞાનનો વિષય પણ છે. આત્માને સુખ–દુઃખ આદિ ભાવો પરિણમે છે. ભાવ ( લાગણી ) હોય ત્યાં ભાવનો ભોક્તા અવશ્ય હોય એવો એક સુપ્રસિદ્ધ માનસશાસ્ત્રીનો પ્રમાણભૂત મત છે. ભાવો વિગેરેનું અસ્તિત્વ અવસ્તુમાં હોઈ શકે નહિ. જ્ઞાન કે સંકલ્પ પણ અવસ્તુમાં સંભાવ્ય નથી. જ્ઞાન, સંકલ્પ આદિ આત્મ દ્રવ્યની વિવિધ દશાઓ છે.

આત્મા અમિશ્ર દ્રવ્ય છે. અમિશ્ર દ્રવ્ય હોવાથી જ આત્મા અનેક કાર્યો કરી શકે છે. આત્મા મિશ્ર દ્રવ્યરૂપે હોત તો આટલાં બધાં કાર્યો આત્માથી થઈ શકત નહિ. આથી જ સુપ્રસિદ્ધ તત્વચિંતક મી. માહેરે યથાર્થ કહ્યું છે કેઃ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" સદ્‌ગુણ, સત્ય,ઐકય આદિનું સ્વરૂપ અભિન્ન છે. દરેક મનુષ્યને સદ્‌ગુણ, સત્ય આદિની વૃત્તિ ઉદ્‌ભવે છે એમ અનુભવ ઉપરથી સિદ્ધ થઈ શકે છે. સદ્‌ગુણ, સત્ય આદિને અનુરૂપ કાર્યો કોઇ મિશ્ર દ્રવ્યથી ન થઇ શકે. મસ્તિષ્કનો વિચાર કરતાં આ મંતવ્યનું સત્ય યથાર્થ રીતે ઉપલબ્ધ થઈ શકે છે. મસ્તિષ્કની કોઇ ક્રિયાને પરિણામે સત્યનો ભાવ પરિણત થાય છે એમ માની લઇએ તો તે નીચે પ્રમાણે ત્રણ કારણોથી સંભવિત છેઃ–

૧ મસ્તિષ્કના ભિન્ન ભિન્ન વિભાગોનો સત્યના ભિન્ન ભિન્ન વિભાગો ઉપર સંપૂર્ણ નિર્બંધ હોય.

૨. મસ્તિષ્કનો દરેક વિભાગ સત્યના ( આખાયે ) વિચારને સંપૂર્ણપણે સ્વાધીન હોય.

કે

૩. સત્યના વિચારને મસ્તિષ્કના દરેક ભાગ સાથે ઘનિષ્ટ સંબંધ હોય.

જે વિચારકાર્યથી સત્યનું બુદ્ધિથી જ્ઞાન થાય છે તે કાર્ય એક અભિન્ન વિચાર હોવાથી ઉપરોકત ત્રણ કારણો પૈકી પ્રથમ કારણ અયુક્ત સિદ્ધ થાય છે. મિશ્ર દ્રવ્યનો પ્રત્યેક વિભાગ વિચારનાં મૂળ રૂપ હોય તો એક જ સમયે અનેક વિચારો આવે. આ રીતે વિચારતાં બીજું કારણ પણ અસંગત ઠરે છે. મસ્તિષ્કના સર્વ વિભાગોમાં સમગ્ર વિચારનો પ્રાદુર્ભાવ નથી થતો એની સાક્ષી ચેતનાથી મળી રહે છે. જો મસ્તિષ્કના એક જ વિભાગમાં સમગ્ર વિચારનો આવિર્ભાવ થઇ શકતો હોય તો તે ભાગ મિશ્ર કે અમિશ્ર દ્રવ્ય હોય એ નિઃશંક છે. જો મસ્તિષ્કનો એક વિભાગ અમિશ્ર દ્રવ્ય હોય તો વિચારનું અંતિમ અધિકરણ એ અમિશ્ર દ્રવ્ય છે એમ સિદ્ધ થાય છે. જો વિચારના આ અંતિમ અધિકરણને મિશ્ર દ્રવ્યરૂપે માનવામાં આવે તો તેથી અનેક અશકય વિકલ્પોની પરંપરાનો ઉદ્‌ભવ થાય છે. આથી એ રીતે પણ વિચારતાં અંતિમ અધિકરણને અમિશ્ર દ્રવ્ય રૂપે સ્વીકારવું જ પડે છે. વિચારનું અંતિમ અધિકરણ અમિશ્ર દ્રવ્ય છે એ મંતવ્ય યુક્તિયુક્ત અને ગ્રાહ્ય જણાય છે.

આત્મા અમિશ્ર દ્રવ્ય છે એમ સિદ્ધ કરવાના ઉદ્દેશયુક્ત મી. માહેરની નિમ્ન ઉત્પત્તિ પણ વિચારણીય છેઃ—

" ચિત્તની અનુમાન શક્તિથી કોઇ પણ નિર્ણયના તાર્કિક પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે સ્વીકારી લઇએ છીએ. ચિત્તની અનુમાન શક્તિનું કાર્ય એવું સરલ અને અમિશ્ર છે કે આત્માનો મિશ્ર દ્રવ્ય તરીકે સ્વીકાર અયુક્તિક જણાય છે. ચિત્તની અનુમાન શક્તિનાં અમિશ્ર કાર્યનો વિચાર કરતાં આત્મા પણ અમિશ્ર દ્રવ્ય છે એમ જરૂર સ્વીકારવું પડે છે. ”

સ્મરણશક્તિ એ પણ કોઇ ભૌતિક પદાર્થનું કાર્ય નથી એમ સ્પષ્ટ રીતે માલુમ પડે છે. સ્મરણશક્તિ મસ્તિષ્કરૂપ મિશ્ર દ્રવ્યનાં કાર્યમાં અંતર્ભૂત થઇ શકતી નથી. કોઇ વસ્તુનો અનુભવ કરનાર મનુષ્ય અને અનુભવનું સ્મરણ કરનાર મનુષ્ય વચ્ચે એકરૂપતાનો આવિર્ભાવ થયા વિના કોઈ વસ્તુની સ્મૃતિ શકય જ નથી. આ પ્રમાણે અનુભવની સ્મૃતિ એટલે પોતાનાં વ્યક્તિત્વના એક રીતે અસ્વીકારરૂપ છે. મસ્તિષ્કનાં ભૌતિક દ્રવ્યમાંથી સ્મૃતિનો ઉદ્ભવ નિરંતર થયા કરે એ અશકયવત્ છે.

ચેતનાને ભૌતિક દ્રવ્યનાં નિઃસરણ રૂપે ગણવામાં આવે તો ચેતના મિશ્ર દ્રવ્ય છે એમ માનવું પડે છે. ચેતના અનંત ચેતનાઓનાં પરિણામરૂપ મિશ્ર દ્રવ્ય છે એવી નિષ્પત્તિ પણ થાય છે. કોઈ પણ વ્યક્તિને પોતે અનંત ચેતનાઓના પરિણામરૂપ મિશ્ર ચેતન છે અર્થાત્ પોતાનામાં અનંત વ્યક્તિત્વ છે એમ કદાપિ ભાસતું નથી. વ્યક્તિની ચેતના અનંત ચેતનાઓનાં પરિણામરૂપ કદાપિ માની શકાય નહિ. આથી જ શ્રી જે. બી. ચેટરજીએ સત્ય કહ્યું છે કેઃ—

“ મનુષ્યને પોતાનામાં અનંત વ્યક્તિત્વનો ભાસ કદાપિ થતો નથી. જો મનુષ્યને અનેકવિધ ચેતના ભાસમાન થાય તો શરીર વિચ્છિન્ન બની જાય. અનેકવિધ ચેતનાથી સંપૂર્ણ નિષ્ક્રિયતા પરિણમે. ચેતનવંત પ્રાણીઓ એક જ ઇચ્છા અને એકજ ઉદ્દેશથી કોઇ કાર્ય સાથે મળીને કરે એવી ઘટના બહુ વિરલ બને છે. ચેનનવંત પ્રાણીઓની ઇચ્છા અને ઉદ્દેશ સામાન્ય રીતે ભિન્ન ભિન્ન હોય છે. શરીરના પ્રત્યેક ભાગમાં જુદીજુદી ચેતનાઓનું અસ્તિત્વ શકય હોય અને કોઇ મધ્યવર્ત્તી ચેતનાનો તેમના ઉપર સંપૂર્ણ નિર્બંધ ન હોય તો તેનું પરિણામ એ જ આવે કે પરસ્પર મતભેદ થયા કરે. શરીરનું દરેક અંગ પોતાની ઇચ્છાને અનુરૂપ કાર્યો કર્યા કરે. આ અનુકંપનીય સ્થિતિમાં શરીરનો સર્વથા વિચ્છેદ થાય એ દેખીતું છે. શરીરનો વિચ્છેદ ન થાય તો સંપૂર્ણ નિષ્ક્રિયતા તો પ્રવર્ત્તી રહે એમાં કંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક નથી. શરીરનાં વિવિધ અંગો અને પ્રત્યંગો નપુંસક જેવાં બની જાય, આવો શરીર વિચ્છેદ, નિષ્ક્રિયતા આદિ કોઈ કાળે દૃષ્ટિગોચર નથી થતાં. વ્યક્તિમાં અનેકવિધ ચેતનાનાં અસ્તિત્વની અશકયતા આ રીતે પ્રતીત થઇ શકે છે." (The hindu realism ).

શરીરમાં અનેકવિધ ચેતના સંભાવ્ય હોય તો જૂદા જૂદા ભાગોમાં માનસિક પ્રવૃત્તિ એક જ કાળે થયા કરે. શરીર અને મસ્તિષ્કની નાના પ્રકારની ચેતનાની સંખ્યાના પ્રમાણમાં એકજ વસ્તુના સંબંધમાં ભિન્ન ભિન્ન ભાવો જરૂર પ્રવર્તે. આવું કશુંયે બનતું નથી એમ અનુભવ ઉપરથી પ્રત્યક્ષ થાય છે. આત્મા અમિશ્ર દ્રવ્ય છે એ આ ઉપરથી પણ સિદ્ધ થઇ શકે છે.

વિશુદ્ધતા એ આત્માનું એક પ્રધાન સ્વરૂપ છે. આથી આત્માનાં આ મહાન સ્વરૂપનો આપણે હવે વિચાર કરીએ. આત્મા અમિશ્ર દ્રવ્ય હોવાથી તેનો વિનાશ કોઈ કાળે સંભવિત નથી. વિનાશ એટલે મિશ્ર વસ્તુનું તત્ત્વોરૂપે પરિણમન. આત્મા અમિશ્ર હોવાથી તેનો વિનાશ આ રીતે સંભવી શકતો નથી. અસ્તિત્વ આત્માનો સ્વભાવ છે. આત્મા કોઇ કાળે અસ્તિત્વ રહિત ન જ હોય. આત્માનું સદાકાળ અસ્તિત્વ જ હોય. આથી તેનો વિનાશ કલ્પનાતીત થઇ પડે છે. આત્મા શરીરરૂપી ભૌતિક દ્રવ્યથી પર રહીને પણ પોતાનું અસ્તિત્વ જાળવી શકે છે.

શરીરનો નાશ થતાં આત્માની જ્ઞાનશક્તિ ( અન્વીક્ષણ શક્તિનો ) પણ નાશ થાય છે કે નહિ એ પ્રશ્ન અત્રે ઉપસ્થિત થાય છે. અન્વીક્ષણ શકિત એટલે ઇન્દ્રિયોનું કાર્ય એવો અર્થ લેતાં, શરીરનાં વિનાશથી અન્વીક્ષણ શક્તિનો પણ વિનાશ થાય છે એ સ્પષ્ટ છે; પણ અન્વીક્ષણ શકિત એટલે આત્માની કાર્યશક્તિ એવો અર્થ લેવાય તો શરીરના વિનાશથી અન્વીક્ષણ શક્તિનો વિનાશ શકય નથી એમ નિષ્પન્ન થાય છે.

ચક્ષુથી પર દ્રષ્ટિ–શક્તિનું અસ્તિત્વ સિદ્ધ કરવાને ડો. ડૉડઝ નિમ્ન ઉપાયનો નિર્દેશ કર્યો છે.

" તમે એક શીલીંગ અને તેનાજ કદનો જસતનો કકડો લઇને, ઉપલા અવાળુઓમાં શીલીંગના સિક્કાને મૂકીને તે પછી મ્હોં ખોલીને જીભ ઉપર જસતનો કકડો મૂકો. જીભ આમતેમ હલાવ્યાથી તમને જસત તેમજ સિકકાનો સ્પર્શ થશે. બંનેના સંસર્ગથી દરેક વેળાએ પ્રકાશનો ચમકાર થશે. આ ચમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર તમે જોઇ શકશો. ચિત્તથી પ્રકાશનો આ ચમકાર પ્રત્યક્ષ રીતે જોઇ શકાય છે. એ ચમકાર જોવામાં ચક્ષુની સહાયની અપેક્ષા રહેતી નથી. ઘોર અંધારી રાત્રિએ છેક અંધારાવાળા ઓરડામાં પણ આ પ્રયોગ થાય તો પણ ચમકાર અવશ્ય દેખી શકાય છે. આંખે પાટા બાંધ્યા હોય કે આંખો બંધ કરી હોય તો પણ પ્રકાશનો ચમકાર નિરખી શકાય છે. ”

નિદ્રા–ભ્રમણની આવેશયુક્ત સ્થિતિમાં ચક્ષુથી જોઈ શકાતું નથી. આમ છતાં એ સ્થિતિમાં પણ ઘણાંયે અત્યંત મુશ્કેલ અને સાહસિક કાર્યો થઇ જાય છે. દૂરસ્થ અને અદૃશ્ય વસ્તુઓનાં નિરીક્ષણથી દૃષ્ટિની અન્ય શક્તિનું અસ્તિત્વ નિશ્ચયપૂર્વક સિદ્ધ થાય છે.

દૃષ્ટિની અન્ય શક્તિનાં અસ્તિત્વનો સ્વીકાર કરતાં, ચક્ષુ, મસ્તિષ્ક આદિ ઉપરાંત આ અન્ય દૃષ્ટિ–શક્તિથી પણ દૃષ્ટિનું કાર્ય થાય છે એ સહજ સમજી શકાય છે. ચક્ષુ આદિ ઇન્દ્રિયો વિવિધ આંદોલનોના માર્ગ માટે એક પ્રકારનાં સાધનરૂપ છે. ચેતના, ઇચ્છા કે બુદ્ધિની નિષ્પતિ ચક્ષુ આદિથી શક્ય નથી. ચિત્તની સંલગ્નતા હોય તો જ ચક્ષુથી નિરીક્ષણ કાર્ય થઇ શકે છે. ચિત્તની સંલગ્નતા વિના ચક્ષુથી કોઇ વસ્તુ દૃષ્ટિગમ્ય થઈ શકતી નથી. ચિત્તની સંલગ્નતા વિના આમ સર્વ ઇન્દ્રિયો સાવ નિરર્થક થઈ પડે છે.

આત્માની જ્ઞાનશકિત ઇંદ્રિયોમાં નથી. એ શકિત આત્મામાં જ રહેલી છે. આથી શરીરનો વિનાશ થતાં આત્માની આ શક્તિનું અસ્તિત્વ કાયમ જ રહે છે. આત્માની જ્ઞાનશકિત પરિસ્થિતિને અનુરૂપ રહે છે. વિચારણા અને તર્ક એ પણ આત્માની કાર્યશક્તિઓ છે. વિચારણા, તર્ક અને જ્ઞાન એ ત્રણ શકિતઓની દૃષ્ટિએ વિચાર કરતાં આત્માનું અમરત્વ સ્પષ્ટ થાય છે. એ ત્રણે શક્તિઓ કોઈ શરીરના વિનાશ બાદ આત્માનું અસ્તિત્વ કાયમ રહે છે તેની પ્રતીતિરૂપ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધ્યાન

અભ્યંતર તપમાં જેનો સમાવેશ થાય છે એવા ધ્યાન માટે ગયા લેખમાં દર્શાવ્યા મુજબ અહિં આપણે જરા વિસ્તારથી વિચાર કરીએ. માત્ર જૈનદર્શનમાં જ નહિ પણ લગભગ સર્વ દર્શનકારોએ ચિત્તની એકાગ્રતા ઉપર સવિશેષ ભાર મૂક્યો છે. એ એકાગ્રતાથી વ્યવહારિક કાર્યો તેમજ આત્મિક સાધનાઓ સચોટતાથી યથાર્થ સ્વરૂપમાં ધાર્યા સમયમાં કરી શકાય છે. આ પ્રકારની એકાગ્રતાથી–તન્મય કિંવા ચિદ્રૂપતા પ્રાપ્ત કરવામાં ધ્યાન એક સાધન તરીકે અગ્રસ્થાન ધરાવે છે. એ તો સૌ કાર્યનો વિષય છે કે જ્યાં લગી મન સ્થિર નથી હોતું ત્યાં લગી તન્મયતાની વાતો કરવી તે હવામાં બાચકા ભરવા જેવું છે. એ સંબંધમાં પ્રખર અને વિદ્વાન્ સંતોના હવાલા આપી શકાય.

જબ લગ મન આવે નહિ ઠામ,
તબ લગ ક્રિયા સર્વે નિઃપરિણામ.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું–શ્રીમદ્ આનંદઘનજી

**मन एव मनुष्याणाम् कारणं** बंधमोक्षयोः ।

આમ ચંચળદશા ધારણ કરતાં મનરૂપી માંકડાને કાબુમાં રાખવા સારૂ આત્મારૂપી મદારીને એકાગ્રતારૂપી રસી યાને દોરડાની અગત્ય રહે છે. એ એકાગ્રતા જેટલા અંશે ધ્યાન મારફતે લાભી શકાય છે તેટલા અંશે અન્ય કોઈ રીતે મેળવી શકાતી નથી. આમ પરિસ્થિતિ હોવાથી જ ધ્યાનના મૂલ્ય આઝેરા છે. એથી જ સર્વ દર્શનોમાં એ પરત્વે ભાર મૂકવામાં આવ્યો છે.

જૈનદર્શનમાં એના ચાર પ્રકાર બે રીતે ગણવામાં આવ્યા છે. એ ઉભય રીતો બરાબર સમજી લેવાની જરૂર છે. યથાર્થ સમજ પછીનો અમલ જરૂર કંઈ ને કંઈ પ્રગતિના પંથે પ્રયાણ કરાવે છે.

૧ આર્ત્ત, ૨ રૌદ્ર, ૩ ધર્મ અને ૪ શુકલ–એમ ચાર ભેદ ધ્યાનના પ્રથમ રીતે છે. વળી એ દરેકના ચાર–ચાર પેટાભેદ છે તે આ પ્રમાણે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આર્ત્તધ્યાન**-એટલે માઠું, ખોટું, યા નકામું અને ધ્યાન એટલે વિચારણા અથવા તો મનમાં આહટ્ટદોહટ્ટના પરિણામ થવાને અર્થાત્ નકામી વિચારણા એવો અર્થ નીચેનો ભાવ જોતાં બરાબર બંધબેસતી થઇ પડે તેમ છે, એ એક જાતની વ્યર્થ ચિંતા સ્વરૂપ છે.

(૧) **ઇષ્ટવિયોગ**—સ્નેહી કે પ્રિયજન કિંવા પ્રીતિજનક પદાર્થથી અંતરાય પડવો. એથી દુઃખ પેદા થાય, વિલાપમાં મન પ્રવર્ત્તે અને વિચારમાળાના મણકા શરૂ થાય.

(૨) **અનિષ્ટસંયોગ**-પ્રથમ પ્રકારથી તદ્દન ઉલટો પ્રકાર. જેની સંગત રૂચિકર ન લાગતી હોય અને જે વસ્તુ નજર સામે ઉપસ્થિત થવાથી તિરસ્કાર ઉદ્‌ભવતો હોય એવાની પ્રાપ્તિ થાય તેથી માત્ર કલેશ અને ચિંતા જ જન્મે.

(૩) **રોગચિંતા**—શરીરમાં રોગો પેદા થવાથી થતાં વિચારવમળ.

(૪) **અગ્રશોચ**—ભવિષ્યકાળ સંબંધી કરવામાં આવતા તર્કવિતર્કો અને એથી ઉદ્‌ભવતું મનોમંથન.

**રોદ્રધ્યાન**—કઠોર યાને માઠા પરિણામજનક તરંગોમાં મનનું ડોળાવું.

(૧) **હિંસાનુબંધી**-જીવની ઘાત થતી દેખીને ખુશી થવાય યાતો એવા હિંસાના કાર્યની યુદ્ધ આદિની અનુમોદના કરાય તે.

(૨) **મૃષાનુબંધી**-જુઠું બોલીને રાજી થવાપણું અથવા તો કેવું ચાલાકી ભર્યું કામ કર્યું કે એમાંના જુઠાપણાની કોઇને ગંધ સરખી પણ ન આવી એવા ખોટા અધ્યવસાય.

(૩) **ચોરાનુબંધી**-ચોરી કે ઠગાઇ કરીને રાજી થવાપણું.

(૪) **પરિગ્રહરક્ષણાનુબંધી**— ધન ધાન્યાદિ નવ પ્રકારનો પરિગ્રહ વધાર્યે જવો, એ સંબંધી વિચારણા પર નાચ્યા કરવું. વળી એના રક્ષણ માટે પાપારંભના કાર્યો કરતાં પણ પાછું વાળી ન જોવું અને આરંભ સમારંભમાં તલ્લીન બની ધણો એકત્ર કરી ગર્વ કરવો. એ નિમિત્તની અસમૃદ્ધિ પર હવાઈ કિલ્લા ચણાવવા તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ ચાર ધ્યાનમાંના પ્રથમ બેને દુન્યવી દૃષ્ટિ પર પડદો નાંખી, જો જ્ઞાનદૃષ્ટિએ માપીએ તો સર્વથા નકામા અને ફેંકી દેવા જેવા જ છે. એથી આત્માની પ્રગતિ કે ઉન્નતિ તો આઘી જાય છે, પણ અવનતિ સામે ડોકીયા કરી ઉભી જ હોય છે. મનપ્રદેશમાં વિચારમાળાના મણકારૂપે એ પણ ગુંથાએલા હોય છે. તેટલા પૂરતો જ ધ્યાન શબ્દ તેમની સાથે જોડવો યુક્ત છે. બાકી એ માઠા ધ્યાનને નવ ગજના નમસ્કાર કરી એનાથી હાથ ધોઇ નાંખવા ઘટે છે. ત્રીજું ધર્મધ્યાન આવશ્યક છે. ઉત્સર્ગ–અપવાદરૂપ ધર્મ અને વસ્તુનો સ્વભાવ તે ધર્મ. કહ્યું છે કે–

'**વત્थुस्वभावो धम्मो**' એ ધર્મનું સતત ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવું, એમાં રમણ કરવું તેમજ ઉંડું અવગાહન કરવું અર્થાત્ એકતાર બની જવું એનું નામ જ ધર્મધ્યાન. તેના ચાર પ્રકાર.

(૧) **આજ્ઞાવિચય**–વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રત્યે સાચી શ્રદ્ધા ધરાવવી. તેની વિચારણા કરવી. આનોઅર્થ અંધશ્રદ્ધાથી કે આંધળીઆ કરી સ્વીકારી લેવું તેમ નથી. દરેક બાબતને બુદ્ધિરૂપી કાંટા પર જરૂર તોલન કરવી. એથી જ અડગ શ્રદ્ધા સાંપડે કે બાકી અતીંદ્રિય વિષયોમાં શ્રદ્ધા રાખીને જ આગળ વધી શકાય; ત્યાં બીજો ઉપાય જ નથી.

(૨) **અપાયવિચય**–જીવ સાથે અશુદ્ધપણાને લઇને અપાય કહેતાં ઘણા દુઃખો દૂષણો જોડાએલા છે. અને જ્યાં લગી સંસાર છે ત્યાં લગી તેનો સંબંધ પણ ઓછા–વત્તે અંશે રહેવાનો છે; છતાં એમાંથી મારાપણાની ભ્રમણા ટાળવાની છે. આત્મા અને દેહ અથવા તો જીવ–જડના સ્વરૂપો–ધર્મો જુદા છે, એ વિચારવું. એમ કરવા સારૂ અજ્ઞાન, રાગ, દ્વેષ, કષાય, આશ્રવઆદિના સ્વરૂપનો પૂર્ણ વિચાર કરવો. કર્મસત્તાના પાશમાં આત્મા કેટલી હદે પરાસ્ત થયો છે એનો તાગ કહાડવો અને સ્વ તથા પર વસ્તુઓની વહેંચણી કરતાં શિખવું. એ સંબંધી વિચારણાઓ અને કરવામાં આવતાં નિર્ણયો એ જ આ બીજા ધ્યાનના બીજા ભેદનો વિષય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આબુ ઉપરથી

[ श्रद्धया देयम् ]

કળા–કારીગરીના વૈભવથી દીપતાં, સાદા છતાં ભવ્ય જૈન મંદિરો જોયા પછી, ગુજરાતના એક સારા સાક્ષર બોલી ઉઠયાઃ કે " જૈન શ્રીમંતોની આ કળાભક્તિ ખરેખર અદ્ભુત છે. એક–એક પત્થરમાં સમાએલી કારીગરી ઉપર એક સ્વતંત્ર પુસ્તક યોજી શકાય."

આબુ–દેલવાડામાં જૈન મંદિરો વિષે આજ સુધીમાં અનેક કળાપ્રેમી–ઓએ, પ્રવાસીઓએ યશોગાન ગાયાં છે. જૈન સમાજ એને માટે અભિમાન લે એ સ્વાભાવિક છે, પણ એ પ્રકારનું ભૂતકાલીન અભિમાન વધતું રહે તો દુર્બળ બનેલો આજનો જૈન સમાજ એ ભાર સહી શકે નહીં. પોતાના પૂર્વજોના ગૌરવનો ભાર દુર્બળોને કચડી નાખે. આવા જ કંઈક અભિપ્રાયથી એક બીજા સજ્જન બોલી ઉઠયાઃ

" હવે જૈન સમાજને એ કીર્ત્તિગાનમાંથી કશી જ નવી પ્રેરણા મળી શકે એમ નથી. મહેરબાની કરીને અમારા મિથ્યાભિમાનને પંપાળવાનું માંડી વાળજો. "

---

જેમ જેમ આ વિષયમાં વધારે ને વધારે રમણ થાય તેમ તેમ 'હું" અને મારા'ના ભેદમાં રહેલ ભ્રમણાઓનો સ્ફોટ થતો જાય છે. એ વેળા ચક્ષુ સામે કોઈ અનેરૂં સત્ય દ્રશ્યમાન થાય છે.

આત્મા આવશ્યક ફરજો બજાવે છે છતાં તેના અંતરમાં નીચેના દોહ-રામાં દર્શાવેલ ભાવ રમતો હોય છે. ચેતનને પુદ્ગલના ભિન્ન ભિન્ન નિયમોની વહેંચણી થતી જ હોય છે.

સમકિતવંતી જીવડો, કરે કુટુંબપ્રતિપાળ,
અંતરથી ન્યારો રહે, ધાવ ખિલાવત બાળ, [ ચાલુ ]

( ચોકશી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન હોવા છતાં જૈન પૂર્વજોના યશગૌરવ વિષે આવો વિરોધ વ્યક્ત કરનાર ભાઈ તરફ અમારી સૌની નજર વળી. એ ભાઇ રાષ્ટ્રીય હતા.

" હું તમારા મિથ્યાભિમાનને નહીં પંપાળું. હું તો તમને કંઈક નવી પ્રેરણા મળે એવી વાત કહેવા માગું છું." સાક્ષર બન્ધુ બોલ્યા.

પણ પેલા રાષ્ટ્રીય બંધુને એ શબ્દો ન રૂચ્યા. એમની આંખોમાં કઈંક આવેશની લાલાશ રેળાઇ. એમણે કહ્યું:

" આ મંદિરો અમને પ્રેરણા આપશે ? જોતા નથી આ મુક્તિનાં મંદિરો પોતે જ કેવાં કારાગાર જેવા બન્યા છે ? અમે બંદીવાન છીએ એટલે અમે અમારા પ્રભુને પણ બંદીવાન જેવી દશામાં પૂરી રાખ્યા છે."

એમના થોડા શબ્દોમાં પણ અમે સમાજપ્રેમ, ધર્મપ્રેમની ધગશ જોઇ શકયા. કળાના તીર્થધામ જેવા આ મંદિરની આસપાસ દરબારી પહેરગીરો ફરે છે અને યાત્રિક માત્રની પાસેથી કરવેરા ઉઘરાવવામાં આવે છે એ દશ્ય તો અમને સૌને અપ્રિય-અકારૂં લાગતું હતું. જે કળાના ધામો ગરીબ-શ્રીમંત સૌને માટે સદા ખુલ્લાં રહેવાં જોઇએ, ખરેખર તો રાજ્યે એને પોતાની પ્રતિષ્ઠા સમજી નભાવવા જોઇએ તે જ કળાધામને, થોડા દ્રવ્યની લાલસાને લીધે કેદખાના જેવા બનાવવામાં આવે એ દુર્ભાગ્યનો વિષય તો જરૂર છે. લોકોની ધર્મશ્રદ્ધા ઉપર અજુગતો કર નાખવા જેવું કાર્ય છે અને જે સમાજ પોતાની અશક્તિ સગી આંખે જોવા-અનુભવવા છતાં એ અવદશાને નભાવી લે એ સમાજને માટે પણ નિરાશાની ભાવના જ જન્મે.

" અલબત્ત, આજે આપણા દોષે એ કેદખાનાં જેવાં લાગે છે, પણ એનું પ્રાયશ્ચિત આપણે પોતે જ કરવું જોઇએ. આપણાં તપ અથવા સંયમના અગ્નિથી એ દોષ ધોઇ નાખવા પડશે, પરંતુ આજે હું એ વાત નથી કહેવા માગતો. હું તો એ મંદિરોમાંથી મળતી પ્રેરણા જ તમને સમજાવવા માગું છું." સાક્ષર જૈન બન્ધુ શાંતિથી બોલ્યા. અમે એમની તરફ જીજ્ઞાસાભાવે જોઈ રહ્યા.

" જ્યારે આ મંદિરો બંધાતા હતા ત્યારે મંત્રી વસ્તુપાળ અને તેજપાળની વતી એમનો એક નિકટનો સંબંધી કારીગરો ઉપર દેખરેખ રાખતો. કારીગરો તો માત્ર પોતપોતાનાં કામ કરે: બીજી વ્યવસ્થા આ નિરીક્ષક ભાઇને શિરે રહેતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"એ ભાઈ, કારીગરોનાં કામ અને ધીરજથી અજાણુ હતા. ઝીણા કામમાં વખત વધુ લાગે અને ખર્ચ પણુ વિશેષ થાય એ વાત એમને હજી નવેસરથી શીખવાની હતી. એક દિવસે એમણે ખર્ચનો અને કામનો હિસાબ કાઢયો, અને એમને લાગ્યું કે આ રીતે જો કારીગરો કામ કરે તો ઘણો પૈસો વેડફાઇ જાય.

"તત્કાળ એમણે મંત્રી ઉપર એક પત્ર લખી મોકલ્યો અને જણાવ્યું કે આ રીતે તો આપણું ઘણું દ્રવ્ય બગડે છે.

"મંત્રીએ જવાબ આપ્યો. દ્રવ્ય એ કંઈ શાકભાજી નથી કે સડી અથવા બગડી જાય, છતાં તમને દ્રવ્ય બગડી જવાની બીક લાગતી હોય તો દ્રવ્યને ખુલ્લી હવામાં-ખુલ્લા પ્રકાશમાં રોજ રોજ સૂકવતા રહેજો. બાકી કારીગરોની પાછળ ખરચાતા દ્રવ્યને તમે બગાડો કહેતા હો તો તમારી એ ભૂલ સુધારજો.

"મંત્રીના એ જવાબમાં કેટલી કળાભક્તિ અને રાષ્ટ્રીય ભાવના ભરી છે તેનો જરા વિચાર કરો. દેશની કારીગરો અને દેશની કારીગરીને ઉત્તેજન આપવા અર્થે જે દ્રવ્ય વપરાય તેના જેવો દ્રવ્યનો બીજો કયો સદુપયોગ હોઇ શકે? દેશની કારીગરી અને કારીગરો માટે જેના દિલમાં જ્વલંત મમત્વ ન હોય તે દ્રવ્યનો આવો જબરજસ્ત ભોગ કેમ આપી શકે?

"ઘડીભરને માટે એમ માની લઇએ કે મંદિરો, એ શિલ્પીઓની જ કળાકૃતિ છે; પણુ શિલ્પીઓની કદર કરનારા શિલ્પીઓને ઉત્તેજન આપનારા પુરૂષો જે સમાજમાં પાકયા હોય તે સમાજ પણુ અહોભાગી નથી?

"તમે જેને કારાગાર કહો છો તે આ મંદિરો આજે નિસ્તબ્ધપણે એ જ પ્રેરણા આપી રહ્યા છે. જે વસ્તુ ચિરસ્થાયી છે, જે વસ્તુ સૌંદર્યના નમુનારૂપ છે અને યુગે યુગે પણ જેનો સંદેશ પ્રજા સાંભળી શકે છે તેની પાછળ વેપારીદૃષ્ટિ રાખવામાં આવે તો દ્રવ્ય અને શિલ્પીઓનાં શ્રમ બન્ને નિરર્થક જાય.

"સાધના: કળાની સાધના, યોગની સાધના અથવા રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની સાધના અખંડ-અનંત ધૈર્યની અપેક્ષા રાખે છે. હીસાબી બુદ્ધિ કિંવા નરી સોદાગરી ત્યાં કામ ન આવે. શિલ્પી કારીગર, પત્થર ઉપર હળવે હાથે ટાંકણું ચલાવતો હોય છે ત્યારે તે સ્થળ અને કાળ ભૂલી જાય છે. દ્રવ્યની સહાય આપનાર શ્રીમંત જો શિલ્પીની પાસેથી પળે-પળનો હિસાબ માગે અથવા કેવળ સ્થૂળબુદ્ધિએ તોલ કાઢવા મથે તો શિલ્પી અને શ્રીમંત વચ્ચે મેળ ન મળે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા શ્રીમંતો કદાચ એટલા કલાભક્ત ન હોય, પરંતુ તેઓ કદરદાન હતા, કારીગરો પ્રત્યે શ્રદ્ધાવાન હતા એમ આ મંદિરો ઉપરથી સ્પષ્ટ થાય છે. અને કળા, ધર્મ, કેળવણી કે રાષ્ટ્રને અર્થે કામ કરનારા કર્મવીરો–સેવકો પ્રત્યે શ્રીમંતોને સંપૂર્ણ શ્રદ્ધા હોવી એ શું સામાન્ય વાત છે? એ બોધપાઠમાં કંઇ ઓછી પ્રેરણા છે?

આજે એ પ્રકારની શ્રદ્ધાને બદલે અશ્રદ્ધા અને અવિશ્વાસ જ પ્રવર્તે છે. આજે એક શ્રીમંત પાંચ–પચીસ કે સો–બસોની સખાવત જાહેર કરે છે, પણ બીજે જ દિવસે એ ત્રિરાશીની શૈલીએ હિસાબ કરવા બેસે છે. એને પોતાના પૈસા બગડી જતા દેખાય છે, કારણ કે તાત્કાળિક ફળ જેવી કોઈ વસ્તુ એની નજરે નથી ચડતી.

જાદુગર, આંબાની ગોટલીમાંથી તત્કાળ ફળ ઉપજતું બતાવી શકે છે, પણ એ ફળ માત્ર દેખાવપૂરતું જ હોય છે. એનો બીજો કશો જ ઉપયોગ નથી હોતો. આંબાની ગોટલીને જમીનમાં પૂરીને, રોજ–રોજ જળ સિંચનાર, નવું નવું ખાતર પૂરનાર, પોતાના પ્રાણ જેટલું જતન કરનાર ખેડુત વર્ષો સુધી એની પાછળ પોતાનો પરસેવો રેડે છે, એ થાકતો નથી, કંટાળતો નથી કારણ કે એને સંપૂર્ણ શ્રદ્ધા હોય છે કે મારો પરિશ્રમ કોઈ એક દિવસે જરૂર ઉગી નીકળશે. કળાકારો, રાષ્ટ્રસેવકો એ સર્વ જેમ દેશની સંપત્તિરૂપ છે તેમ શ્રદ્ધાવાળા શ્રીમંતો દેશના કલ્પતરૂરૂપ છે. જે દેશમાં માત્ર શ્રીમંતો જ છે, અને શ્રીમંતાઇની સાથે શ્રદ્ધા વણાયેલી નથી તે દેશ અથવા તે સમાજનું ભાવી શંકાશીલ બની રહે છે.

મંદિરોની વાતમાંથી આવી કંઈ કંઇ પ્રેરણાઓ દિલમાં જાગી. મને વિચાર થયો; ખરેખર આપણા ન્હાના સમાજમાં બધું છે. માત્ર પરસ્પરને વિષે જેવી જોઇએ તેવી શ્રદ્ધા નથી. જે શ્રદ્ધા અખંડ ધૈર્ય, અનંત આશાવાદ રાખી રાહ જોતી બેસી રહે તે શ્રદ્ધા કયાં? આજે તો શ્રદ્ધાને નામે અંધશ્રદ્ધાની જ બોલબાલા છે! ઉદારતા અને ભદ્રિક્તાનો બધો રસ એ અંધશ્રદ્ધા જ ભરખી જાય છે. પાછળ રહે છે ભીખના ટુકડા. એ ટુકડાં સમાજદેહને નીરોગ તેમજ તેજસ્વી શી રીતે બનાવે?

× × × ×

દેલવાડાનાં જૈન દેરાસરો સાથે જ આગ્રાના તાજમહેલનું સ્મરણ થઈ આવે છે. તાજમહેલના સંબંધમાં પણ એવી જ એક લોકકથા સંભળાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદશાહે શિલ્પીને બોલાવી તાજમહેલની યોજના સમજાવી. દિલ્હીનો ખજાનો ખાલી થઈ જતો હોય તો પણ તેની ચિંતા ન કરતાં આખી યોજના પાર પાડવાનો બાદશાહે આગ્રહ કર્યો.

શિલ્પીને લાગ્યું કેઃ " કદાચ અર્ધે માર્ગે પહોંચ્યા પછી બાદશાહ પૈસા ખરચવામાં સંકોચ કરે તો મહેનત બરબાદ જાય." એટલે તેણે બાદશાહની શ્રદ્ધાનું માપ કાઢવા એક યુક્તિ વાપરી.

શિલ્પીનો એક માણસ, ખજાનચી પાસે પહોંચ્યો અને કહ્યું કેઃ "તાજમહેલના બાંધકામ માટે આ એક ગાડું અશરફીઓ ( સોના–નાણું ) થી ભરી દ્યો." ખજાનચીએ ગાડું ભરીને અશરફીઓ આપી.

તાજમહેલનો પાયો ખોદાઈ ચુકયો હતો. શિલ્પીએ અશરફીઓનું ગાડું પાયામાં ઠલવ્યું. ફરી ખજાનચી પાસે એ ખાલી ગાડું આવી ઉભું રહ્યું. બીજી વાર ખજાનચીએ ગાડું અશરફીઓથી ભરી દીધું.

ફરી જ્યારે ત્રીજી વાર ગાડું આવ્યું ત્યારે ખજાનચી મુંઝાયો. શિલ્પી તરફથી એને કહેવામાં આવ્યું કે હજી તો પાયા પુરવામાં બીજા એક–બે ગાડાં જોઈશે."

ખજાનચી બાદશાહ પાસે ગયો. શિલ્પી, સોનામહોર જેવી કીમતી ધાતુને પાયામાં ઠલવી રહ્યો છે એ વાત કરી તેણે પોતાનો રોષ અને અસંતોષ જાહેર કર્યો.

બાદશાહે જવાબ આપ્યોઃ "શિલ્પી–કારીગર અશરફીનો શું ઉપયોગ કરે છે તે જોવાનું કામ આપણું નથી. મને શ્રદ્ધા છે કે શિલ્પીદ્વારા આપણા દ્રવ્યનો સદુપયોગ જ થાય છે. તમારે શિલ્પીની આજ્ઞાને જ અનુસરવાનું છે."

બાદશાહની આજ્ઞાથી ખજાનચીએ ત્રીજું ગાડું અશરફીઓથી ભરી દીધું. શિલ્પીને ખાત્રી થઈ કે બાદશાહની, પોતાની તરફ પૂર્ણ શ્રદ્ધા છે. બાદશાહ ખરચથી ગાંજી જશે નહીં. એ પછી શિલ્પીએ પૂર્ણ ઉત્સાહથી, પૂર્ણ શ્રદ્ધાથી અને અંતરંગ ઉલ્લાસથી તાજમહેલનું નિર્માણકાર્ય આદર્યું.

શિલ્પી અને શહેનશાહની પરસ્પરની શ્રદ્ધાએ સંસારમાં એક નવું આશ્ચર્ય ઉમેર્યું.

× × × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરી બીજે દિવસે જ્યારે એ સાક્ષર–જૈન બન્ધુ મળ્યા ત્યારે તેમણે આબુ–દેલવાડાનાં જૈન મંદિરો વિષે એક ખાસ નિબંધ અથવા તો પુસ્તક લખવાની પોતાની ભાવના બતાવી.

મને થયું કે આ મંદિરોના સંબંધમાં એટલું બધું કહેવાઈ ગયું છે કે તે સંબંધમાં કંઇ લખવું એ પુનરૂક્તિ કરવા જેવું છે. મુનિ શ્રી જયંતવિજયજીએ જે સાહિત્ય એકઠું કર્યું છે તે પછી એમાં નવું કંઈ ઉમેરી શકાય એવું નથી રહ્યું. છેલ્લે છેલ્લે એ શોધક મુનિજીએ દેલવાડાની કોતરણીના છાયાચિત્રો પણ પુસ્તકના રૂપમાં પ્રકટ કરવાનો નિરધાર કર્યો છે.

"હવે આપ બીજો નવો પ્રકાશ શું આપી શકવાના હતા ?" મેં જીજ્ઞાસુભાવે પુછયું.

"હજી સુધી કોઇએ નથી કહ્યું તે જ હું મારા નિબંધમાં કહેવા માગું છું. દળેલું ફરીથી દળવાનો મારો સ્વભાવ નથી, એ તો તમે જાણો છો જ." સાક્ષર બન્ધુ બોલ્યા.

મારી જીજ્ઞાસા વધુ તિવ્ર બની. એમણે ટુંકામાં જ કહેવા માંડયું.

"દેલવાડાના આ જૈન મંદિરોના શિલ્પમાં માત્ર કળા જ નથી, પણ મારી ખાત્રી થઇ ચુકી છે કે એની કોરણીમાં આખું નાટ્યશાસ્ત્ર ભર્યું છે. નાટ્યશાસ્ત્રનો અભ્યાસ આપણામાં હમણા બંધ પડ્યો છે. એ શાસ્ત્રની દૃષ્ટિએ આ શિલ્પ ઉકેલાવું જોઇએ. મારો વિચાર નાટ્યશાસ્ત્રની નજરે આ શિલ્પનો અર્થ ઉકેલવાનો છે."

મારા માટે એ તદ્દન નવીન વાત હતી. પુરાતત્ત્વશાસ્ત્રીઓ કે ધર્મશાસ્ત્રીઓ જે અર્થ ઉકેલવાને આજ સુધીમાં નિષ્ફળ નીવડ્યા છે તે આ સાક્ષર બન્ધુના શ્રમથી પાર પડે એવી આશા રખાય છે.

શિલ્પ, કળા, કાવ્ય વિગેરેની જેમ નાટ્ય પણ એક દિવસે પરમ ઉપયોગી વિષય મનાતો, તેનો અભ્યાસ ચાલતો અને મંદિરોમાં એને મહત્ત્વનું આસન મળતું એ વાત તે દિવસે મને નવી જાણવાની મળી.

[ સુશીલ. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " પ્રાસંગિક પદોવડે નવપદજીને નમસ્કાર. "

( ૧ ) ઉત્પન્ન થયેલા નિર્મળ જ્ઞાન-જ્યોતિથી ભરેલા, સત્પ્રતિહારસંયુક્ત સિંહાસન ઉપર સંસ્થિત થયેલા અને સદ્દેશનાવડે જેમણે સજ્જનોને આનંદિત કરેલા છે તે જિનેશ્વરોને સદા સહસ્રશઃ નમસ્કાર હો !

( ૨ ) પરમાનંદ-લક્ષ્મીના સ્થાનરૂપ અને જ્ઞાનાદિક અનંત ચતુષ્કના સ્વામી એવા સિદ્ધ ભગવંતોને સહસ્રશઃ નમસ્કાર હો !

( ૩ ) કુમતિ-કદાગ્રહને હઠાવી કાઢનાર અને સૂર્ય સમાન પ્રતાપી એવા આચાર્ય ભગવંતોને અનેકશઃ નમસ્કાર હો !

( ૪ ) સૂત્ર-અર્થ અને તદુભયનો વિસ્તાર કરવા તત્પર એવા વાચકવરો-ઉપાધ્યાય ભગવંતોને અનેકશઃ નમસ્કાર હો. !

( ૫ ) જેમણે સમ્યગ્રીતે સંયમને સેવેલું છે એવા દયાળુ અને દમનશીલ સાધુજનોને વારંવાર નમસ્કાર હો !

( ૬ ) જિનોક્તતત્ત્વને વિષે રૂચિ, પ્રીતિ લક્ષણવાળા નિર્મળ દર્શન ગુણને સહસ્રશઃ નમસ્કાર હો !

( ૭ ) અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્ય સમાન સમર્થ જ્ઞાન ગુણને વારંવાર નમસ્કાર હો !

( ૮ ) આત્માની સંપૂર્ણ શક્તિ જેનાવડે પ્રાપ્ત ( પ્રગટ ) થયેલ છે તે સંયમ-વીર્યને વારંવાર નમસ્કાર હો !

( ૯ ) અષ્ટવિધ કર્મરૂપી વનને ઉખેડી નાંખવા કુંજર સમાન તીવ્ર તપ સમુદાયને વારંવાર નમસ્કાર !

એવી રીતે નવપદોથી નિષ્પન્ન શ્રી સિદ્ધચક્ર મહારાજને હે ભવ્યજનો ! તમે ખૂબ ભક્તિભાવથી સેવો-ભજો !

જો આંતર લક્ષથી શ્રી સિદ્ધચક્રની સેવા-ભક્તિ કરવામાં આવે તો તો આપણો આત્મા એવા જ ઉત્તમ ગુણનિષ્પન્ન બને.

આ સંબંધી વિશેષ અધિકાર શ્રી નવપદ પ્રકરણાદિકમાં વર્ણવેલો છે તેને અર્થ-રહસ્ય યુક્ત વાંચી-વિચારી તેમાં તલ્લીન બનવા પ્રયત્ન કરો; જેથી આપણો આત્મા ઉત્તમ અધિકારી બને. [ ઇતિશમ્. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " सक्रिय ज्ञान "

## જ્ઞાન અને ક્રિયા.

### चक्राभ्याम् चलति रथः

મેં ગયા વર્ષમાં જ્ઞાનના વિષયમાં જ્ઞાન ઉપર ઘણી વાતો કરી, જ્ઞાનનું મહત્ત્વ ઘણું ગાયું, જ્ઞાનનો ઢંઢેરો પીટાવ્યો, ભક્તિના વિવિધ સાધનોમાં જ્ઞાનને અગ્ર સાધનરૂપ ગણી અત્યંત માન આપ્યું, પણ જો તે જ્ઞાનને કાંઇપણ ક્રિયાકાંડમાં ન મૂકાય તો, તે શુષ્ક જ્ઞાન કહેવાય અને આત્મા શુષ્કજ્ઞાની કહેવાય. કોઇ વાત વાંચવાથી કે ગોખવાથી કે વાણીવિલાસ કરવાથી અધ્યાત્મ-જ્ઞાનનું કાંઇ માહાત્મ્ય નથી. માત્ર સમયનો ક્ષેપ કરવો તે સરખું જ છે.

વાણીવિલાસ અને વાગ્જાલ રચીને તું કાંઇપણ તારૂં સ્વહિત જોઇ શકીશ નહિ, તો શાસ્ત્રની મોહાંધરીઓમાં ભટકવું મૂકી ઇશ્વરને જાણી લેવાને ઉત્સાહપૂર્વક ક્રિયા અને જ્ઞાનમાં સદાકાળ ત્હારા માનવજીવનનો ઉપયોગ કરતો રહે તો જ જે સ્થાનમાં જવાનું છે, તે સ્થાને વગર વિલંબે અને નિર્વિઘ્ને સહેલાઇથી પહોંચી જઇશ; કારણ કે શાસ્ત્ર અનંત છે અને જ્ઞાન અગાધ છે. જીવન અલ્પ છે. વળી ઇન્દ્રિયોના ઉન્મત્તપણાને લઇ ગુણમાં રાચી શકતો નથી, તો ક્રિયા વિના જ્ઞાનની કાંઇપણ અસર જીવાત્મા ઉપર થઇ શકવી મુશ્કેલ છે.

गुणेषु क्रियताम् यत्न आटोपैकिम् प्रयोजनम्

विक्रियन्ते न घंटाभिर्गावक्षीरविवेर्जिताः ॥

અર્થઃ—હે જીવ ! ગુણમાં, જ્ઞાનમાં અને ક્રિયામાં યત્ન કરતો રહે. બાહ્ય આટોપનું કાંઇપણ પ્રયોજન નથી, કેમકે ગુણો જ પૂજાને પાત્ર છે. જેવી રીતે ગાયને ઘણી જ ઘંટો ટાંગીને શણગારવામાં આવેલી હોય પણ જો તે દૂધ આપતી ન હોય તો તે કોડીના મૂલની છે તો ગુણમાં પ્રીત કરતો રહે. જ્યાંસુધી જ્ઞાન ચારિત્ર સાથે વણાય નહિ અને આપણા જીવનવ્યવહારમાં રૂપીએ રોકડો પણ જે જ્ઞાનને સ્થાન મળે નહિ તો તેવા એક મણ જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં એવું અધોળ ચારિત્ર્ય શ્રેષ્ઠ છે, જેવી રીતે શકટ ચલાવવાને બન્ને ચક્રની જરૂર છે તેમ આપણે જ્ઞાન અને ક્રિયાદ્વારા આપણા સાધ્યબિન્દુએ પહોંચી શકીએ, નહિ કે કેવળજ્ઞાનની વાતો કરવાથી કે તેથી ઉલટી માત્ર અજ્ઞાનતાથી ક્રિયાઓ કરવાથી યોગ્ય ફ્લની પ્રાપ્તિ ન થાય; પણ સત્‌જ્ઞાન ક્રિયાથી ઉત્તમ ફ્લની સિદ્ધિ થઈ શકે છે.

व्यतिब्रजतिपदार्थान् अन्तरः कोपिहेतुः ।
न खलु बाहिरुपाधि प्रीतयः संश्रयन्ते ॥

**અર્થ**:—દરેક પદાર્થને અન્તર સંબંધ છે. બાહ્ય સંબંધ ઉપરથી અંતર સંબંધ સંભવતો નથી, એટલે કે જેવું આપણું આન્તરિક જ્ઞાન તેવી આપણી બાહ્ય ક્રિયા, જેવી આપણી અંદરની વૃત્તિઓ તેવી આપણી બાહ્ય ચેષ્ટાઓ હોવી જોઇએ. આથી ભિન્ન ક્રિયા અને જ્ઞાન તે તો માત્ર મિથ્યાજ્ઞાન અને મિથ્યા-ક્રિયા છે. તેમ ખોટા, મિથ્યા ક્રિયાકાંડથી સાર મેળવી શકાય નહિ તો આપણે તે આપણી આત્મોન્નિત કરવાને, સદ્‌જ્ઞાન, સદ્‌ક્રિયા અને સદ્‌પ્રવૃત્તિની જરૂર છે, આમાંનું એકપણ ન હોય તો ચાલી શકે તેમ નથી. કારણકે **धनुर्वंशाविशुद्धोऽपि निर्गुणः किम् करिष्यति** ॥ અર્થાતઃ તમારી પાસે જ્ઞાનરૂપી તીરકામઠું છે પણ તે કામઠાને ઇન્જ્યા નથી. ઈન્જ્યાના અભાવે કામઠું તીર દૂર ફેંકી શકે નહિ, તો જે વસ્તુનો નાશ કરવો છે તેનો નાશ થઈ શકે નહિ તો ધનુષને જેમ તીર ચલાવવા દોરીની જરૂર છે તેમ જ્ઞાનને આગળ ધપાવવા ક્રિયાની ખાસ આવશ્યક્તા છે.

આપણી પાસે જ્ઞાનના ભંડારો ભર્યા હોય પણ તે જ્ઞાનનો પ્રયોગ કરવામાં આવે નહિ તો તે જ્ઞાન નકામું છે અને જ્ઞાનનો દુરૂપયોગ થવાથી બુદ્ધિ ઉપર પડલ આવી જાય છે, તેમ પ્રયોગ પણ જ્ઞાન–વિવેકના અભાવે કરેલો હોય તો પણ સાર વિનાનો છે. જ્ઞાન અને ક્રિયા સાથે જ સુંદર રીતે કામ આપી શકે છે.

આપણે બાહ્ય વાર્તામાં ઘણા કુશલ છીએ પણ, આપણી કુશલતા, ઉત્સા-હિતા, નિર્ભયતા, ક્રિયામાં ઉતરતી નથી તો તેવી ક્રિયાના શૂન્યપણે જ્ઞાન હોવા છતાં અજ્ઞાનતા રહેલી છે, જેના કારણરૂપ જન્મ-મરણાદિ ભોગવવા પડે છે, તો આવું આપણું પોપટીયું જ્ઞાન તે શું કામનું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઓ વિષયભોગમાં લુબ્ધ ચિત્તવાળા છે અને જેઓ હૃદયથી રાગમાં બંધાએલાં હોવા છતાં ઉપરથી વિરાગપણું બતાવે છે તે દાંભિકો, વેષધારકો, ધૂર્તો માત્ર લોકોનાં મનને રંજન કરે છે. સ્વાત્મહિત બીલકુલ કરી શકતાં નથી.

" નિજ ભાવને ભૂલી જઈ, પરભાવનો રંગી થયો,
નહિ ઓળખી નિજ શુદ્ધસત્તા, બહિરાત્મ થઇ રહ્યો.
બહિરાત્મ ભાવે કર્મબંધન, આકરા તેથી કરે,
મુંઝાય ભવવન ગહનમાં, આશ્રય નહિ પામે અરે. "

જે મનુષ્યો સાંસારિક વિષય સુખ અવિદ્યાનું સેવન કરે છે તેઓ જ્ઞાનથી વિમુખ થઇ, અજ્ઞાનરૂપી અંધકારમાં પ્રવેશ કરે છે. તથા જેઓ પુસ્તક અથવા ગુરૂદ્વારા જ્ઞાન મેળવી, માત્ર તેનો વાદવિવાદ કરવામાં જ તત્પર રહે છે તેઓ પણ કુતર્કોથી આડે માર્ગે દોરાઇ જઇ વધારે ઉંડા અંધકારમાં પ્રવેશ કરે છે. જેમ કંદોઇ મીઠાઇઓ નાના પ્રકારની બનાવી, દુકાનમાં સુંદર રીતે ગોઠવી, અન્ય જીવોને લલચાવી, પોતાની મીઠાઈનો અને શ્રમનો લાભ પૈસા માટે આપે છે તેમ પોપટીયા જ્ઞાનીઓ પેલા કંદોઇ કરતાં કાંઈ પણ ઉંચી પંકિતના ગણાય જ નહિ. જેમ એક ચિત્રકાર ચિત્ર ચિતરે નહિ અને પોતાની ચિત્ર-કલાના મુખદ્વારા યશોગાન કરે તો જનસમૂહને તે કેટલો જ્ઞાનવાન છે તેની શી ખબર પડી શકે ? કારણકે જેવી ક્રિયાઓ કરે તેવું જ્ઞાન છે તેમ ચોક્કસ કહી શકાય; માટે જ્ઞાન અને ક્રિયા સાથે હોય તો જ તેની કિંમત થઇ શકે. તેમ કોઇ માણસ ક્રિયા કરવા તૈયાર થાય અને તે ક્રિયાનું તેને જ્ઞાન ન હોય તો તે પણ પ્રયોગ કરી શકે નહિ. જેમ એક માણસ નાવિક વિદ્યાથી અજ્ઞાત હોય અને પોતાના વહાણને ચલાવવાની ક્રિયામાં પ્રવૃત્ત થાય તો ખરા-બાથી તેનું વહાણ ભાંગી જવાનો પૂર્ણ સંભવ રહે, કારણ કે સમુદ્રની હવાનું કે દિશાનું જ્ઞાન હોય નહિ તો પોતાના નાવને સમુદ્રતીરે પહોંચાડવાને તે નાવિક કેવી રીતે શક્તિમાન થાય ? એટલે કે નાવિક જ્ઞાનવાન ન હોવાથી સહેલાઇથી સમુદ્ર તરી શકે જ નહિ, પણ દરિઆના દરેક તોફાનો તથા ગંભીર અકસ્માતોનો ભોગ થઇ પડે તે નિઃસંદેહ વાત છે.

રસાયનશાસ્ત્રથી અજ્ઞાની માણસ રસાયણી પ્રયોગો કરે તો તેમાંથી નીપ-જતી ભયંકરતાનો ભોગ પોતે થાય, તે પણ શકય વાત છે.

વળી એક વેપારી દુકાન ઉઘાડી વેપાર કરવા તૈયાર થાય પણ હિસાબ-નામું–ઠામું લેવડ–દેવડ આદિ વ્યવહારિક જ્ઞાનથી અજ્ઞાત હોય તો તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેપાર ચાલે નહિ; કિંતુ દિવાળું જ કાઢે, તે નિર્વિવાદ વાત છે. તેથી ઉલટું વેપારી–જ્ઞાન હોય તો વેપારમાં સારો નફો મેળવી શકે એટલે કે ક્રિયાને જ્ઞાનમાં પૂર્ણ રીતે મૂકાય તો જ ફાયદો છે.

क्रियायुक्तस्य सिद्धिस्यात् अक्रियस्य कथम् भवेत् ।
न शास्त्र पाठमात्रेण योगासिद्धि प्रजायते ॥

**અર્થ**:—જે માણુસ જ્ઞાની અને ક્રિયાવાળો છે તે જ સિદ્ધિને મેળવી શકે છે, પણુ જે જ્ઞાન કે કર્મ એટલે ક્રિયામાં પ્રવૃત્ત નથી તેનો કોઈ કાળે ઉદ્ધાર સંભવી શકે નહિ; માટે ક્રિયા અને જ્ઞાન સાથે જ હોવાની પૂર્ણ જરૂર છે. અનુભવસિદ્ધ જ્ઞાન અને અનુભવે કરેલી ક્રિયાઓથી જીવનમુક્ત થઇ શકાય. જે મહાત્માઓ જીવનમુક્ત થયા છે તે મહાત્માઓએ જ્ઞાન અને ક્રિયાને પોતાના જીવનવ્યવહારમાં ઘણી જ બારીકીથી વણી દીધાં હતાં, અને તેમાંથી ઉદ્ભવેલાં અનુભવે, સિદ્ધપદને પ્રાપ્ત કરી શકયા હતાં.

એક માણુસ આજારી હોય, વ્યાધિની પીડાથી અત્યંત પીડાતો હોય તેને વિવિધ પ્રકારના વ્યાધિથી મુક્ત થવા ઔષધની જરૂર છે, પણુ દવાનું સેવન કરે નહિ અને મુખથી ઔષધનો નામોચ્ચાર કરે તેથી માત્ર તેનો રોગ કોઇ કાળે ટળી શકે નહિ. તો તેવીરીતે આપણુને સંસારરૂપી મહારોગ લાગુ પડયો છે, તેમાંથી ઉગરવાની ઔષધી સમ્યગ્જ્ઞાન છે, પણુ તે દિવ્ય ઔષધિનું સેવન કરીએ નહિતો મરણુ–જન્માદિ વ્યાધિથી મુક્ત–થઇ શકીએ નહિ. તેવીરીતે જ્ઞાન હોય અને ક્રિયારૂપી ઉપરોકત મિતાહાર–પણું રાખે નહિ એટલે કે સંયમ, નિયમ પાળે નહિ, આરોગ્શાસ્ત્રના નિયમાનુસાર વર્તે નહિ તો મુક્ત થઇ શકે નહિ; માટે જ્ઞાનવાન અને ક્રિયાવાન મહાત્માઓની સિદ્ધિ થઇ શકે. શ્રેયઃસ્સાધક અધિકારી જીવાત્માઓ તો જ્ઞાન અને ક્રિયાની પ્રવૃત્તિમાં મગ્ન રહેવાથી આત્મસિદ્ધિને આત્મસાધનને સરલતાથી પહોંચી શકે.

( હરિગીત )

હે ચેતન. !

સમવાય કારણુ પંચ છે, પણુ મુખ્યતા પુરૂષતણી,
સમજી તજો પ્રમાદને, દેહસ્થએ વેરી ગણી;
ઈશની ખરી આરાધના, કરવી સદા નિજ શક્તિથી,
એ મંત્રને આરાધતાં, ગુણુ પ્રકટશે સહુ વ્યક્તિથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શતાબ્દિ વિરોધિઓનું માનસ.

શ્રી પરમપુજ્ય વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) ના સંઘાડાના ઘણા વખત થયાં બે ભાગલા પડી ગએલા છે. એક તરફ પ્રવર્તક વયોવૃદ્ધ શ્રી કાંતિવિજયજી મહારાજ તથા શ્રીમાન હંસવિજયજી મહારાજ તથા શ્રી વલ્લભસૂરિજીનો પરિવાર છે. બીજી બાજુ શ્રી વિજયદાનસૂરિ તથા શ્રી વિજયલબ્ધિસૂરિનો સમુદાય છે. વિજયાદાનસૂરિના પરિવારને શ્રી વિજયવલ્લભસૂરિજીએ જે આચાર્ય પદવી લીધી છે તે બહુ ખટકે છે. વીરશાસન એ શ્રી વિજયદાનસૂરિના પરિવારનું વાજીંત્ર છે, જેનું પોષણ વિજયદાનસૂરિનો પરિવાર કરી રહ્યો છે. તેમ આજ સુધી શ્રી વિજયવલ્લભસૂરિ વિરૂદ્ધ હલકામાં હલકા માણસના મુખમાં જે ભાષા ન છાજે તેવી ભાષામાં અનેક આક્ષેપવાળા લેખો લખી વિજયવલ્લભસૂરિજીને જૈન સમુદાયની દૃષ્ટિમાં હલકા પાડવાના પ્રયત્નો કર્યા છે; એટલું જ નહિ પણ શ્રી વિજયવલ્લભસૂરિ હસ્તક શ્રી મહાવીર વિદ્યાલય જેવી સંસ્થાઓ ઉભી થએલી છે તેનો સદંતર વિનાશ કરવાની હિલચાલમાં પાછી પાની કરી નથી. આ બધી હકીકત દરેક જૈનો જાણે છે અને સૌ દીવા જેવું સ્પષ્ટ સમજી ગયા છે કે શ્રી વિજયદાનસૂરિની

---

સ્વપર વિવેચન ભેદજ્ઞાને, થાય જ્ઞાની આત્મા,
મિથ્યાત્વદૃષ્ટિ જાય તેની, આત્મમાં ભાસે રમા;
તે કર્મના દલકટપર, જય મેળવે નિજ શૌર્યથી,
જો હોય જાગ્રત ઘરધણીતો, ભય રહે નહિ ચોરથી.
નિજ ભાવમાં ચેતન રમે, ત્યારે ટળે જડસંગતિ,
તે સર્વ સંવરને કરી, શાશ્વત લહે પંચમ ગતિ.

**અર્થ**:—જે માણસ હરહંમેશ આરોગ્યશાસ્ત્રના ફરમાન મુજબ જીવનનો વ્યવહાર ચલાવતો હોય એટલે જે સંપૂર્ણ નિરોગી હોય તો તેને બીજી દવાઓ શી કામની છે ? તેમ જે મહાત્માઓ અને જ્ઞાની જીવો પૂર્વ પુણ્યના પ્રતાપથી ધર્મના ફરમાન મુજબ પોતાનું જીવનતંત્ર ચલાવતા હોય એટલે કે જેઓ જ્ઞાન અને ક્રિયાના પૂર્ણ ઉપાસકો હોય તેમને માટે સિદ્ધપદ તૈયાર હોઈ શકે; તો જ્ઞાન અને ક્રિયામાં પ્રવૃત રહો. (અસ્તુ) **વીરકુમાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટોળી શ્રી વિજયવલ્લભસૂરિજીની સખત વિરોધી છે. તે વાત મુંબઈમાં પંન્યાસ રામવિજયજીનાં અને શ્રી વિજયવલ્લભસૂરિજીના ચોમાસા દરમ્યાન સિદ્ધ થઈ ચુકી છે.

હાલમાં શ્રી વિજયવલ્લભસૂરિજીએ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરની શતાબ્દિ ઉજવવાની હીલચાલ જ્યારથી શરૂ કરી ત્યારથી વિજયદાનસૂરિની ટોળીએ વીરશાસનમાં એના વિરૂદ્ધ લખવાનું શરૂ કર્યું છે. કાંઇ ન સૂઝયું તો શતાબ્દિ આવા પુરૂષની જન્મ તારીખની ન હોય પણ સ્થાનકવાસીમાંથી ક્રિયા-ઉદ્ધાર કર્યો તે તારીખથી ઉજવવી જોઇએ. આનું નામ જ દૂધમાંથી પોરા કાઢવાનું છે. હું તે વાટાઘાટમાં હાલ ઉતરવા નથી માગતો પણ કેટલાક ભોળા જૈનો અગર જૈનેતરો આ ખટપટના ભોગ ન થઈ પડે તેને માટે જ આ લખું છું.

કર્તવ્યપરાયણ સ્વકર્તવ્યબદ્ધદષ્ટિ જૈન સમાજના અગ્રગણ્ય મહાનુભાવો ! શ્રી વિજયવલ્લભસૂરિજીએ જે શતાબ્દિ ઉજવવાનું કાર્ય હાથ ધર્યું છે તે પૂજ્યપાદ પ્રવર્તક ૧૦૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજ તથા શાંતમૂર્તિ હંસ-વિજયજી મહારાજની સમ્મતિ લઈ, તેને અંગે કેટલીક વાટાઘાટ કરી હાથ ધર્યું છે, તો આપ આ ગંદી હીલચાલના હથિયાર ન બનતાં ઉપાડેલ કાર્યને છેવટ સુધી પૂર્ણ કરી તમારી ગુરૂભક્તિ બતાવી આપશો, તેમજ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિને પણ વિનંતિ કરૂં છું કે આપે પોતાના વૃદ્ધો સાથે પ્રથમ વિચાર કરીને ચા તરફનો ખૂબ વિચારનો નિર્ણય કરી પછી જ આ શુભ કાર્યની ઘોષણા ગામેગામ શહેરેશહેર કરી છે. સમજુ અને બુદ્ધિશાળી પુરૂષોએ તેમજ સમાજના આગેવાનોએ તે કાર્યને મજબુત ટેકો આપી વધાવી લીધું છે; તેથી વિરૂદ્ધ ટોળી ગમે તેવા અનિચ્છનીય હુમલા કરી ઉપાડેલ કાર્યને તોડી પાડવાનો પ્રયત્ન કરે તો પણ આપ આપના કાર્યમાં અડગ રહેશો. સૂર્ય સામે ફેંકવામાં આવતી ધુળ પોતાની નજરને જ નુકશાન પહોંચાડે છે. સદરહુ ટોળી સાથે આપને બીચાબારો છે એટલે એમની અને આપની વચ્ચે અથડામણ સદા રહેવાની જ. જો કે આવી ખટપટો સમાજમાં બેદિલી અને સમજુવર્ગમાં દિલગીરી ઉપજાવે તેવી છે; પણ તેમાં મને સંતોષ એટલો જ છે કે તે હુમલાઓ એકતરફી છે. આપ શાંતિથી સહન કરો છો, તે હુમલા સામે કોઈ જાતનું પ્રચારકાર્ય આપ કરતાં નથી એ જ આપની મોટાઈ છે.

બીજું દુઃખ એ પણ થાય છે કે બન્ને સમુદાય એક ગુરૂના શિષ્ય છે. તેમાંથી ગમે તે સમુદાય ગુરૂભક્તિ માટે કાંઈ પણ કરે તો તેમાં એક-

For Private And Personal Use Only




## श्री पार्श्वनाथ चरितम्

### ( શ્રી ઉદયવીરગણિવિરચિત. )

સંવત ૧૬૫૪ ની સાલમાં સાડાપાંચ હજાર શ્લોક પ્રમાણ આ ચરિત્ર રસિક અને સરલ ગદ્યબદ્ધ ( સંસ્કૃત ) આઠ સર્ગમાં ટીકાયુક્ત હોઈ પંડિત ભગવાનદાસે સંશોધન કરેલ હોવાથી શુદ્ધ થઇ જે પ્રગટ થયેલ તે સંસ્કૃત ભાષાના શરૂઆતના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી છે. કાગળ છપાઈ પણ સુંદર છે. આવું કથાનક અમુલ્ય સાહિત્ય

---

બીજાએ સામેલ થવું જોઇએ. તેમ ન બની શકે તો પણ વિરોધ તો ન જ કરવો ઘટે. જૈનોના પ્રિરકાઓએ મહાવીરના નામે જેમ વૈર–વિરોધ ઉભા કર્યા છે તેવી જ રીતે એક ગુરૂના નામે શિષ્યો વિરોધ કરી ગુરૂના નામને કલંક લગાડી રહ્યા છે.

મુનિસમ્મેલન વખતે જ વિરોધીઓનાં માનસ કેવાં છે એ જૈન સમાજે સારી રીતે જાણી લીધું છે. સાહેબ ! વિરોધીઓની તૈયારી નાની સુની નથી. તેઓએ ઘણા શહેરોમાં સંઘોમાં કુસંપ કરી, સોસાયટીઓ સ્થાપી, સંઘબળ–કોન્ફરન્સબળ સામે એક નવું બળ ઉભું કર્યું છે. તે દ્વારા તેઓ હજુ પણ નવા નવા કલહ ઉભા કરવામાં ખામી નહિ રાખે, માટે તેને જીતવા સારૂ ક્ષમા–ખડ્ગ સિવાય બીજું એકે શસ્ત્ર નથી.

આચાર્યશ્રી ! આપે આજસુધી જે જે કાર્યો હાથ ધર્યા છે તે તે દરેકમાં લગભગ વિઘ્નસંતોષીઓએ વિઘ્ન નાખ્યાં છે, છતાં આપ આપના દરેક કાર્યને પૂર્ણ રીતે પાર ઉતારી શકયા છો એવી જ રીતે આ શતાબ્દિનું કાર્ય પણ સફળ થશે, અને જૈન સમાજ તેને સહાય આપશે એવી મારી ખાત્રી છે. શાસનદેવો આપને આવાં સહુ કાર્યો કરવાની શક્તિ આપો.

લી૦ શતાબ્દિ કાર્યની સફળતા ઇચ્છનાર.

**ગુરૂ ચરણદાસ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણુંયે ખેડાયા ( પ્રકટ થયા ) વગર જ્યાંત્યાં સંઘરાયેલ છે. તેનો પ્રકાશ **જૈન સમાજે** પ્રકટ કરી કરવાનો છે. પ્રકાશક સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ પાલીતાણા તથા નાગરદાસ પ્રાગજીભાઇ–અમદાવાદ. કિંમત ત્રણ રૂપીયા.

**શ્રી જિનાગમ કથાસંગ્રહઃ—સંપાદક** પંડિત બેહેચરદાસ દોશી. શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાલાના સાતમા ગ્રંથ તરીકે પ્રાકૃત ભાષામાં શુદ્ધ રીતે આ ગ્રંથ જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ–ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રકટ થયો છે. શ્રી ગુજરાત વિદ્યાપીઠ મારફત ઉપરોક્ત જૈન સાહિત્ય પ્રકાશ ટ્રસ્ટ તરફથી વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો પ્રકટ થાય છે તે માંહેનો આ એક છે. પ્રાકૃત ભાષાનું વ્યાકરણ, ગ્રંથની શરૂઆતમાં અને કોશ પાછળ અને વચ્ચે ટીપણી આપી તે ભાષાના અભ્યાસીઓ માટે ખાસ એક અપૂર્ણતા દૂર કરી છે એમ માની શકાય છે. આ ભાષાની શાળાઓ માટે અભ્યાસમાં દાખલ કરવા જેવો ગ્રંથ સંકલનાપૂર્વક તૈયાર થયેલ છે. કિંમત સવા રૂપિયો.

**૧ અંતરના અજવાળા ( ઐતિહાસિક બાલનાટક )** રચનાર સ્વ૦ જેઠાલાલ છ. ચૌધરી બી. એ.

૨ **કુતરાની કહાણી**–પ્રયોજક રમણલાલ નાનાલાલ શાહ, તંત્રી.

ગુર્જરબાલ ગ્રંથાવળીના પ્રથમ અને બીજા પુસ્તક તરીકે ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ તરફથી પ્રકટ કરવામાં આવેલ છે.

પ્રથમ ગ્રંથ નાટકરૂપે એક ઐતિહાસિક દૃષ્ટિએ સરલ અને રસિક રચના આ ગ્રંથની એક સ્વર્ગસ્થ શક્તિશાળી શિક્ષકના હાથે થયેલી છે. સંકલના એવી છે કે બાળકો આનંદ સાથે રસપૂર્વક વાંચે. બીજો ગ્રંથ એક પ્રાણીની ઓળખ વિવિધ જાતના કુતરાઓની મુકાબલો કરી આપવામાં આવી છે.

આવી બાળ ગ્રંથાવળીઓ બાળકોના શરૂઆતના અભ્યાસ માટે મનુષ્ય, પ્રાણી અને દેશકાલના પરિચય માટે પ્રથમ પહેલ ઘણી ઉપયોગી છે. આવા કાગળ, ટાઇપ, અને તેના ઉપરના ટાઇટલકવર પણ સુશોભિત અને યથાયોગ્ય વસ્તુ સુચન કરનાર છે જેથી પ્રકાશકનો આ પ્રયત્ન આવકારદાયક છે. પ્રથમ ગ્રંથની કિંમત પાંચ આના, બીજા ગ્રંથની આઠ આના–અમદાવાદ, ગાંધીરોડ પ્રકાશકને ત્યાંથી મળશે.

**કર્મભૂમિ ઉત્તરાર્ધ** (ચરિત્ર)–અનુવાદક માણેકલાલ ગોવીંદલાલ જોશી. શ્રી પ્રેમચંદજીકૃત મૂળ હિંદીમાંથી આ તેનું ગુજરાતી અવતરણ છે. વર્તમાન સમય અને પરિવર્તન પામતા સંયોગોનું વાતાવરણ યોગ પાત્રોદ્વારા ચિતરવાનો મૂળ લેખકનો પ્રયત્ન આબેહુબ છે. સાથે અહિંસાની ભાવના પણ સાધવામાં લેખકે સફળતા સાધી છે કે જેથી વાચક તેનો અવશ્ય સત્કાર કરશે. આ નવલકથા વાંચતાં વાચકના મન ઉપર સીધી અસર થાય છે, કારણ કે તે માંહેના અમુક પાત્રોના મુખમાં મુકાયેલ અમુક વિષય સંપૂર્ણ પ્રકારે ચિત્રાયેલો છે. અમે આ નવલકથા સંપૂર્ણ વાંચવાની ભલામણ કરીયે છીએ, આવા ગ્રંથોનું પ્રકાશન **શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદના** સંચાલકો બહુ સુંદર સ્વરૂપમાં સાહિત્ય પ્રકટ કરતાં હોવાથી તે દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે. અમદાવાદ, ગાંધીરોડ પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અનેકાર્થ સાહિત્ય સંગ્રહ**—પ્રથમ ભાગ, સંશોધક અને સંપાદક શ્રીમદ્ વિજયાનંદસુરીશ્વરજી, શિષ્યરત્ન મુનિરાજ શ્રીમદ્ અમરવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજ.

આ ગ્રંથમાં શ્રી વૃદ્ધમાનગણિરચિત કુમારવિહાર પ્રશસ્તિનું ૮૬ મું કાવ્ય, શ્રી સોમપ્રભસૂરિરચિત શતાર્થ કાવ્ય, કર્તાના નામ ઉલ્લેખ સિવાયનું પંચાર્થ કાવ્ય, કર્તાના નામ રહિત અનુલોમ પ્રતિલોમ શ્લોક શ્રી સોમપ્રભસૂરિવિરચિત સ્વોપજ્ઞવૃત્તિવાળું કલ્યાણસારસવિતાન૦ સંજ્ઞક શતાર્થ કાવ્ય.

આ ચારે કાવ્યો અનેકાર્થવાળા અને જૈન ઇતિહાસના અભ્યાસીઓ જિજ્ઞાસુઓ માટે ખાસ મહત્વના છે, તેમજ તેમાંથી ઘણું જાણવાનું મળી શકે છે. આ કાવ્યોના સંશોધન કાર્યમાં જુદા જુદા ભંડારોની પ્રતિઓ સાથે રાખી બહુ જ કાળજીપૂર્વક સંપાદક મુનિરાજે કરેલ છે તેમજ મુનિરાજ પુણ્યવિજયજી મહારાજ પાસે સંશોધન કરાવેલ હોવાથી તેની ભાષાશુદ્ધિ પણ યોગ્ય થયેલ છે. ચારે કાવ્યોનું ગ્રંથ પાછળ શુદ્ધ અને સરલ ભાષાંતર આપેલ હોવાથી ગુજરાતી ભાષાના જ જિજ્ઞાસુ માટે એક આવશ્યક વસ્તુ પુરી પાડી છે. આવું જૈન સાહિત્ય કેટલુંએ હજી અપ્રકટ છે. જૈન સમાજે તેને બહાર લાવવાની જરૂર છે. સંપાદક વિદ્વાન મુનિમહારાજનો આ પ્રયત્ન સ્તુત્ય છે તેમ પ્રકાશક (શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવળીના સંચાલક) નવાબ શ્રી સારાભાઈ મણીલાલને આ પ્રકાશન માટે ધન્યવાદ ઘટે છે. કિંમત રૂ. ૨—૦—૦ ઠે૦ નાગજી ભુદરની પોળ, અમદાવાદ પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર મોટી સાઇઝના ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી | ૦-૧૨-૦ |
| શ્રી કેસરીયાજી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ. | ૦-૮-૦ |
| શ્રી પાર્શ્વનાથ પદ્માવતી. | ૦-૮-૦ |
| શ્રી ગીરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| શ્રી રાજગિરિ-સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ |
| છ લેશ્યા. | ૦-૬-૦ |
| શ્રી મધુબિંદુ. | ૦-૬-૦ |
| પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે.** | ૨-૮-૦ |
| જંબૂદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| નવતત્વના ૧૧૫ ભેદનો નકશો.રંગીન | ૦-૨-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર રંગીન બહુજ મોટી સાઇઝ | ૦-૬-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ શતાબ્દિ સિરીઝના નવા ગ્રંથો.

## શ્રી વીતરાગ સ્તોત્ર તથા મહાદેવ સ્તોત્ર. (મૂળ).

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત (ઉપરોક્ત મહાપુરૂષની શતાબ્દિની શરૂઆત તરીકે) આ માંગલિક બે ગ્રંથો પ્રથમ મૂળ સંસ્કૃત ભાષામાં પ્રગટ થયેલ છે. તેના સંપાદક આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય શ્રી **ચરણ**વિજયજી મહારાજ છે. તેનું બરાબર શુદ્ધ રીતે સંશોધન વિદ્વદ્વર્ય શ્રી **પુણ્ય**વિજયજી મહારાજે કરેલ છે. વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ રૂપે વીશ પ્રકાશ (પ્રકરણ) ગુંથ્યા છે. કુમારપાળ મહારાજા નિમિત્તેજ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આ સ્તુતિરૂપ ગ્રંથ રચેલ હોવાથી કુમારપાળ મહારાજ દરરોજ સવારમાં ઉઠી આ સ્તોત્રનો પ્રથમ પાઠ કરતા હતા.

બીજો ગ્રંથ આ સાથે મહાદેવ સ્તોત્ર જોડેલો છે. તેમાં દેવનું સ્વરૂપ, મહાદેવ કોને કહેવા, કોણ હોઈ શકે ? આ બે સ્તોત્રોની પાછળ આ મહાન આચાર્ય-શ્રીની કૃતિ તરીકે **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** તથા **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** બે બત્રીશી આપવામાં આવી છે. આ એકજ ગ્રંથમાં ચારેનો સમાવેશ કરેલો છે. ઉંચા કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાવી સુંદર બાઇંડીંગ કરાવેલ છે. સર્વ કોઈ લાભ લઇ શકે તે માટે માત્ર નામની બે આના કિંમત રાખેલ છે. પોસ્ટેજ જુદું.

---

પ્રાકૃત ભાષાના અભ્યાસીઓને માટે—

## શ્રી આત્માનંદ શતાબ્દિ સિરીઝ પુસ્તક બીજું.

# ॥ प्राकृत व्याकरणम् ॥

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત.

## (અષ્ટમાધ્યાય પાઠ) સવિસ્તર ધાતુ પાઠ સહિત.

પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ એ ૭ ભાષાના નિયમો મૂળ સૂત્રરૂપે આ ગ્રંથમાં રચયિતા મહાત્માએ સારી રીતે બતાવ્યા છે. આ વ્યાકરણની અંતે સવિસ્તર પ્રાકૃત ધાત્વાદેશ અકારાદિ ક્રમથી આપ્યો છે, એટલે અભ્યાસીઓને કંઠાગ્ર કરવાની સરળતા પડે માટે પ્રથમ સંસ્કૃત ધાતુ અને પછી પ્રાકૃત સૂત્રના સપાદ અંક એ એક પૃષ્ઠમાં ત્રણ વિભાગ પાડવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલ મૂળ સૂત્રો અને તેના નિયમો એવી સરસ રીતે આપેલ છે કે અલ્પ પ્રયાસે કંઠાગ્ર થતાં વિશેષજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ રીતે મૂળ સૂત્રરૂપે આ પ્રથમ વખતજ આ ગ્રંથ પ્રગટ થાય છે. તે આખો ગ્રંથ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે તપાસેલ હોવાથી શુદ્ધ રીતે સુંદર શાસ્ત્રી ટાઇપથી નિર્ણયસાગર પ્રેસમાં ઉંચા કાગળો ઉપર પોકેટ નાની સાઇઝમાં પ્રગટ થયેલ છે. સર્વ કોઇ લાભ લઇ શકે માટે આટલા મોટા ગ્રંથની માત્ર ચાર આનાજ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખોઃ— જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only